# 30

**ભરૂચ જિલ્લાના ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગની ફરિયાદો**

***15/4/882 શ્રી ડી.કે.સ્વામી**(જંબુસર): **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન ભરૂચ જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગ અન્વયે કેટલી ફરિયાદો મળી, | (૧) | કુલ- ૨૫૬ |
| (૨) | ઉક્ત ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી? | (૨) | ઉક્ત ફરિયાદો પૈકી,<br>• ૧૪૧ ફરિયાદોમાં ૫૧૦ શ્રમયોગીઓને રૂ.૧,૩૮,૭૪,૫૯૪/- નું ચુકવણું કરવામાં આવેલ છે.<br>• ૩૧ ફરિયાદોમાં નામદાર કોર્ટમાં કુલ ૬૭ કેસો દાખલ કરવામાં આવેલ છે.<br>• ૦૧ ફરિયાદમાં અરજદારશ્રીને સંસ્થાએ નોકરીમાં પુન:સ્થાપિત કરતાં ફરિયાદનો નિકાલ થયેલ છે.<br>• ૦૧ ફરિયાદમાં ૦૧ શ્રમયોગીને ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ- ૧૦(૧) હેઠળ મદદનીશ શ્રમ આયુક્ત સમક્ષ પુન: સ્થાપનની અરજી દાખલ કરવાની સલાહ આપી ફરિયાદનો નિકાલ કરેલ છે.<br>• ૦૧ ફરિયાદ એવોર્ડ ભંગની હોય, જેમાં સંસ્થા દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ સ્પેશિયલ સિવિલ એપ્લીકેશન દાખલ કરેલ હોઈ, તે બાબત સબજ્યુડીશ હોઈ હાલ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.<br>• કુલ- ૦૫ કારખાના વિરુદ્ધ કુલ- ૪૨ ફોજદારી કેસો કરવામાં આવેલ છે.<br>• અન્ય ફરિયાદોનો નિયમાનુસાર નિકાલ કરવામાં આવેલ છે. |

-----------------------